R.N.I. No. : GUJGUJ/2000/447-
અયૂબ ૪૦ : ૧૯
Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા •

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

YEAR-28 • ISSUE: 13 DATE: 30-03-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ભારતે અંતરિક્ષમાં સેટેલાઇટ તોડી પાડતો મિશન શક્તિ કાર્યક્રમ સફળ બનાવતાં અંતરિક્ષ ક્ષેત્રે ચોથો શક્તિશાળી દેશ બન્યો

ભારતે એન્ટી સેટેલાઈટ મિસાઈલની મદદથી અંતરિક્ષમાં રહેલા સેટેલાઈટને તોડી પાડવાની મહારત હાંસલ કરી લીધી છે.વડા પ્રધાને તેની જાહેરાત કરી હતી.આ પ્રકારનું શસ્ત્ર ધરાવતો ભારત દેશ વિશ્વમાં ચોથા નંબરે આવશે.ભારત હવે રશિયા,અમેરિકા અને ચીન બાદ અંતરિક્ષ ક્ષેત્રે ચોથો શક્તિશાળી દેશ બની ગયો છે.લાઈવ સેટેલાઈટને લક્ષ્ય બનાવીને એન્ટી સેટેલાઈટ શસ્ત્ર એ-એસએટીને તોડી પાડ્યો હતો.આ સમય ભારતના વિજ્ઞાનીઓ માટે ગૌરવ અનુભવવાની ઘડી હતી.આમ ભારતની અંતરિક્ષમાંથી સેટેલાઈટ દ્વારા જાસુસી કરવી દુશ્મન દેશોને મોંઘી પડશે.

ભારતીય વૈજ્ઞાનિકોએ ૩૦૦ કીલોમીટર દુર લો અર્થ ઓર્બિટના એક સેટેલાઈટને નષ્ટ કર્યો હતો. ભારત દ્વારા જે સેટેલાઈટને ટાર્ગેટ કરવામાં આવ્યો તે પુર્વ નિર્ધારિત લક્ષ્ય હતું.આ લક્ષ્યને એ સેટ મિસાઈલ દ્વારા નષ્ટ કરાયું હતું.મિશન શક્તિ એક અત્યંત મુશ્કેલ મિશન હતું. તેનાથી ભારતની ટેકનિકલ ક્ષમતામાં વધારો થયો છે.આ કામ ઈસરો અને ડીઆરડીઓઓ બંનેએ મળીને પુર્ણ કર્યુ હતું.

## કોગ્રેસની ન્યાય યોજનાના પુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમે ભરપુર વખાણ કર્યા



કોગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમે શાશક પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે ભાજપને વચનો ન પાળવા માટે હંમેશા યાદ રાખવામાં આવશે. આ સાથે તેમણે કોગ્રેસની પ્રસ્તાવિત ન્યુનતમ આય યોજના(ન્યાય)ની વિશિષ્ટતાઓ અંગે ભરપુર પ્રશંસા કરી હતી.એક પત્રકાર પરિષદમાં તેમણે કોગ્રેસની ન્યાય યોજનાની પ્રશંશા કરી હતી. તેમજ મોદી સરકાર પર આરોપ લગાવ્યો હતો કે આ સરકાર ગ્રોથના આંકડાઓ અંગે જુઠ્ઠાણું ફેલાવી રહી છે. ચિદમ્બરમે કહ્યુ હતું કે જીએસટી લાગુ કરીને પીએમ મોદીએ માઈક્રો સ્મોલ અને મીડીયમ ઉદ્યોગોનો દેશમાં સર્વનાશ કરી દીધો છે.જ્યારે લોકો ભાજપને યાદ કરશે ત્યારે તેમને મોદી સરકાર દ્વારા અપાયેલા ગ્રોથના ખોટા આંકડાઓથી આઘાત લાગશે. પુર્વ કેન્દ્રીય નાણાં મંત્રીએ કહ્યુ હતું કે ભાજપને વચનો ન પાળવા માટે યાદ રાખવામાં આવશે.બેન્ક એકાઉન્ટસમાં રુ.૧૫ લાખ જમા કરવા, ખેડુતોની આવક બમણી કરવાની વાત, નોટબંધી અને જીએસટી, આ ચાર બાબતો એવી છે કે જ્યારે પણ લોકો ભાજપને યાદ કરશે ત્યારે તેમને તે યાદ આવશે.

## દેશની સુરક્ષા ,અખંડિતતા અને સાર્વભોમત્વ માટે ટેલીફોનનું ટેપિંગ જરુરી છે : કેન્દ્ર સરકારે કોર્ટમાં જવાબ રજુ કર્યો

કેન્દ્રના ગૃહમંત્રાલયે દિલ્હી હાઈકોર્ટમાં જણાવ્યુ હતું કે કાયદાનું રક્ષણ કરતી સંસ્થાઓ દ્વારા દેશની અખંડિતતા, અને સાર્વભોમત્વ જાળવવા માટે ટેલિફોનનું ટેપિંગ કરવામાં આવી રહ્યું ચે. દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાગ અને તત્કાલિન કાયદા સચિવ સુરેશ ચંદ્રા તેમજ કેટલા વરિષ્ઠ સીબીઆઈ અધિકારીઓ સામે ગેરકાયદેસર રીતે ફોન ટેપીંગનો આરોપ લગાવતી અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેમાં સરકારે શા માટે ફોન ટેપીંગ કરવામાં આવે છે તેના કારણો દર્શાવ્યા હતા. ગૃહમંત્રાલય દ્વારા દિલ્હી હાઈકોર્ટનો ચીફ જસ્ટીસ રાજેન્દ્ર મેનનની વડપણ હેઠળની બેન્ચને જણાવવામાં આવ્યુ હતું કે ઈન્ડીયન ટેલીગ્રાફ સુધારા નિયમો ૨૦૦૭ની કલમ ૪૧૯એ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે ટેલીફોન ટેપિંગની માર્ગરેખાઓની સમીક્ષા કરવા એક સિમિતિની રચના કરવાની પુરતી સત્તા તેમજ જોગવાઈ છે. આ સમિતિ ૬૦ દિવસમાં પુરેપુરી તપાસ કરશે અને તેના તારણો આપશે.

મંત્રાલયે તેની એફીડેવીટમાં જણાવ્યુ હતું કે માર્ગ રેખાઓ જાહેર કરવાના ૬૦ દિવસમાં રિવ્યુ સમિતિ દ્વારા પોતાની જાતે સુઓમોટો રીતે જરુરી તપાસ તેમજ પુછપરછ કરવામાં આવશે.અને આ માર્ગ રેખા ઈન્ડીયન ટેલીગ્રાફ એક્ટની કલમ૫(૨)ની જોગવાઈ મુજબ ઘડવામાં આવી છે કે કેમ તેના તારણો રજુ કરશે.

## ગુજરાતની લોકસભાની ભાજપની ૧૬ સીટો જાહેર કરાઇ તેમાં ૧૪ સાંસદોને રીપીટ કરાયા : સીનીયર મોસ્ટ અડવાણીને ફરીથી લડવાની તક ન અપાઇ

ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકો પૈકી ભાજપે ૧૫ સીટો જાહેર કરી તેમાં ૧૪ જુના સાંસદોને ફરીથી તક અપાઈ છે. જ્યારે ગાંધીનગરથી ચુંટાતા ભાજપના સીનીયર મોસ્ટ વડીલ લાલકૃષ્ણ અડવાણીને ફરીથી લડવાની તક અપાઈ નથી.અને તેમની દાવેદારીને હાલની નેતાગીરીએ અવગણી છે.સુરેન્દ્ર નગરની સીટ પરથી ચુંટાયેલા દેવજી ફતેપુરાને પણ તક નથી અપાઈ તેમના સ્થાને ડો. મહેન્દ્ર મુંજપુરાને ટીકીટ અપાઈ છે.

ભાજપે અત્યાર સુધીમાં ૨૬માંથી ૧૬ ઉમેદવારના નામો જાહેર કરી દેવાયા છે જ્યારે ૧૦ મતક્ષેત્ર માટે ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા નથી.કેટલાક મત વિસ્તારો માટે ઉમેદવારો નક્કી કરવામાં ગડમથલ ચાલી રહી છે પરંતુ તેના માટે નજીકના ભવિષ્યમાં ઉમેદવારો નક્કી કરી દેવાશે.કેટલાક જ્ઞાતિગત પરિબળોને કારણે ઉમેદવારો નકકી થઈ શક્યા નથી..બનાસકાંઠા, પાટણ,મહેસાણા અને અમદાવાદ પુર્વ માટે કોગ્રેસના ઉમેદવારો જાહેર થયા બાદ ભાજપ તેમના ઉમેદવારોનું લીસ્ટ જાહેર કરે તેવી સંભાવના છે.

## મીનીમમ ઇન્કમની ગેરંટી કોગ્રેસની ગરીબી પર સર્જીકલ સ્ટ્રઇક : રાહુલ ગાંધી



કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે લઘુત્તમ આવકની બાંયેધરી કોગ્રેસ પાર્ટીની ગરીબી પર સર્જીકલ સ્ટ્રાઈક છે.કોગ્રેસની આ યોજના અમલમાં મુકાયા બાદ ૨૦૧૯પછી ભારતમાં કોઈ ગરીબ નહીં રહે. ભાજપે ગરીબોને જ ખતમ કરવાનો પ્રયત્ન કર્યો ચે પરંતુ અમે ગરીબી ખતમ કરી નાંખીશું.

રાજસ્થાનની એક જનસભાને સંબોધિત કરતાં તેમણે મોદી સરકાર પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે યુપીએના શાશનમાં જે લોકોને ગરીબી રેખામાંથી ઉપર લાવવામાં આવ્યા હતા તેમને મોદી સરકારે ફરી એક વાર ગરીબીમાં ધકેલી દીધા છે.

વાસ્તવિકતા એ છે કે ૨૧મી સદીમાં ભારતમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે જે આપણા માટે ચિંતાનો વિષય છે. છેલ્લા પાંચ વર્ષમાં ભાજપે અમીરોને નાણાંની લહાણી કરી છે. પરંતુ કોગ્રેસ મિનિમમ ગેરંટી ઈન્કમ યોજનાનો અમલ કરી ગરીબોને નાણાં આપશે. ભાજપના નેતાઓ સવાલ કરે છે કે અમે મિનિમમ ઈન્કમ ગેરંટી યોજનાના અમલ માટે નાણાં ક્યાથી લાવીશું.એમપી અને રાજસ્થાનમાં અમે જેમ કૃષિ લોન માફ કરી તેવી રીતે ગરીબો સુધી નાણાં પહોચાડીશું.

રાહુલે જણાવ્યુ હતું કે પીએમ મોદી કહે છે કે તેઓ ચોકીદાર છે તેઓ એમ નથી કહેતા કે તેઓ કોના ચોકીદાર છે. તમે કોઈ ખેડુતના ઘરમાં ચોકીદાર જોયો છે? હા અનિલ અંબાણીના ઘેર ચોકીદાર ની લાઈન હોય છે. નરેન્દ્ર મોદીએ તેમને એ નથી કહ્યું કે તેઓ તમારા ચોકીદાર છે.પરંતુ અનિલ અંબાણી અને નિરવ મોદી જેવા લોકોના ચોકીદાર જરુર છે.

શત્રુધ્નસિંહાએ રાહુલની પ્રશંસા કરતાં કહ્યુ હતું કે આ પરિસ્થિતિનો માસ્ટર સ્ટ્રોક છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ચુંટણીના પડઘમ વાગ્યા અને વચનોની લહાણીઓ વહેચાવા લાગી.સહુ કોઈ પોતાના તરફ મતદાતાને આર્કષવા માટે જુદા જુદા પ્રયત્નો તરકીબો અને જાદુઈ માયાજાળ ફેલાવતા થઈ ગયા છે. આઝાદ થયો ત્યારથી દેશ ગરીબીના ભરડામાં જકડાયેલ છે તેમાં કોઈ બે મત નથી. આઝાદી બાત ગરીબી નાબુદી માટે જેટલા નાણાં પંચવર્ષીય યોજનામાં ફાળવવામાં આવ્યા કે વપરાયા તે જો ગરીબોમાં વહેચી દીધા હોય તો પણ આજે દેશના કહેવાતા ગરીબો કદાચ લખપતિ બની ગયા હોત.અમારા વિસ્તારના ઝુપડપટ્ટીમાં વસતા લોકોને સરકારે સારા મકાનો આપ્યા પરંતુ તેઓ સારા મકાનો વેચીને પાછા ઝુંપટપટ્ટીમાં આવી ગયા. બેથી વધુ વખત તેઓ ઝુંપડાના નામે સારા મકાનો ઓળવી ગયા અને હજુ ત્યાંના ત્યાંજ છે. કહેવાનો મતલબ છે કે આપણે ગરીબી નાબુદી માટે જે પ્રયત્નો કર્યા છે તેમાં સફળતા મળી નથી.સહુ પ્રથમ તો આ ગરીબોની ગરીબી નાબુદ કરવા માટે તેમને શિક્ષિત બનાવવા જરુરી છે અને ત્યારબાદ તેમને રોજગારલક્ષી શિક્ષણ મળે માટે તૈયાર કરવા જરુરી છે તો તેમની મીનિમમ આવકમાં વધારો થશે તો તેમની સ્થિતિ બદલાશે.

તાજેતરમાં કોગ્રેસ પ્રમુખે ગરીબીમાંથી પીછો છોડાવવા માટે ન્યુનતમ આય યોજના જાહેર કરી.લોકસભા પછી તેઓ ચુંટાશે તો આ યોજનાનો અમલ કરશે.દેશના ૨૦ ટકા ગરીબ કુટુંબોને ન્યાય યોજના હેઠળ દર મહિને ઓછામાં ઓછા ૧૨ હજારની આવક મળે તેવી વ્યવસ્થા કરશે.જો કોઈ કુટુંબની આવક ૧૨ હજાર કરતાં ઓછી હશે તો બાકીની રકમ સરકાર તેમાં ઉમેરશે.આ ન્યાય યોજના માટે સરકારને રુ.૩.૬૦ લાખ કરોડનો આર્થિક બોજો પડશે.દર વર્ષે આટલું મોટું ભંડોળ એકત્રિત કરવું પડશે.સરકાર શી રીતે કરશે તે તો જ્યારે વખત આવશે ત્યારે ખબર પડશે.લોકોના ખિસ્સામાં હવે એટલી રકમ રહી નથી કે સરકાર તે ખાલી કરી શકે. તાજેતરની સરકારે બધા નાણાં યેનકેન પ્રકારે પ્રજાની ઝોળીમાંથી સેરવી લીધા છે.સરકાર ખેરાતને બદલે નવી રોજગારીની તકો ઉભી કરીને આ નાણાં મેળવવા માટે પુરુષાર્થ કર્યો હોત તો દેશના વિકાસમાં તે લેખે લાગત. દેશનું યુવાધન અને ગરીબો આળસુ બની જશે પછી વિકાસની ગાડી આગળ કેવી રીતે ચાલશે તે વિચારવાનું રહેશે.

હાલની સરકારે પોતાને સત્તા મળે માટે જુમલાની લ્હાણી કરીને દેશની જનતાને છેતરી હતી. રુ.૧૫ લાખ દરેક નાગરિકના ખાતાંમાં જમા થશે અને વિદેશોની બેન્કોમાં પડી રહેલા ભારતીયોના કાળા નાણાં દેશમાં લાવીને તેનો યોગ્ય અન્ય ઉપયોગ કરાશે. બે કરોડ રોજગારી ઊભી કરાશે વિગરે વિગેરે પણ તે થયું નથી માત્ર તે જુમલા જ રહ્યા.શું આપણે આવી રીતે દરેક ચુંટણીઓમાં છેતરાતા જ રહીશું કે પછી આ છેતરપીડી કરનારાઓને પાઠ ભણાવીશું. દરેક પાર્ટી પોતાને એક તક આપો એટલે પાંચ વર્ષ માટે તમારે જુમલોનો મારો સહન કરવાનો. ખેર,આઝાદી મળ્યા પછી હવે તો મતદારો પુખ્ત બની શકે તેવુ માની શકાય પરંતુ તે ઉપર છલ્લું દેખાય છે.હજુ અંધશ્રધ્ધાળુ ભક્તોએ દેશના અહિતમાં સતત ભકિત ગાન ગાઈને દેશને કોઈ લાભ કરાવ્યો નથી.

હજુ તો વધુ જુમલાઓ આવશે અને દેશના મતદારોને લુભાવશે.ચુંટણી જીતવા માટેના અનેક કાવાદાવાઓની હારમાળા દેશના મતદારો જોશે.હજુ મતદારો દેશના હિતમાં પરિપક્વ થયા નથી કારણકે હજુ પણ અંધશ્રધ્ધામાં આળોટતા લોકો અને ઘેટાજેવા ટોળાઓ પરિપક્વ લોકશાહી લાવી શકશે નહીં.આજ રીતો ચાલશે તો લોકશાહીનું નામોનિશાન મીટી જશે તે ચોક્કસ બાબત છે.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# પ્રિયંકા ગાંધીએ યુપીએની ચુંટણી પ્રચારમાં યાત્રામાં મોદી સરકાર પર માંછલા ધોયા

કોગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડરાએ ગંગા યાત્રાના તેમના બીજા દિવસે ભદ્રોહી અને મિરજાપુરના લોકો સાથે સંવાદ કર્યો હતો.કેન્દ્રમાં મોદીની ભાજપ સરકારે લોકોને આપેલા વચનોનું પાલન કરવામાં નિષ્ફળ ગઈ છે તેવા આક્ષેપો કરતાં કહ્યુ હતું કે ૫૬ની છાતી વાળાએ અત્યાર સુધીમાં કેમ લોકોને રોજગારી આપી નથી ? લોકોને આપેલા વચનો કેમ પાળ્યા નથી. દરેક મુદ્દે કોગ્રેસે ૭૦ વર્ષમાં કશું નથી કર્યું તેવા આક્ષેપો મોદી કરતા રહે છે પણ તેની એકસપાયરી ડેટ હોય છે.આવું રટણ તેમણે બંધ કરવું જોઈએ.

પ્રિયંકાએ કહ્યુ હતું કે કોગ્રેસે શું કર્યું તેનો આક્ષેપો કરવાને બદલે પોતાની સરકારે પાંચ વર્ષમાં શું કર્યું તેનો મોદીએ જવાબ આપવો જોઈએ.સત્તા પર હતા ત્યારે પાંચ વર્ષમાં ભાજપની સરકારે શું કર્યું તેનો મોદી જવાબ આપે. સીતામઢીમાં લોકોને સંબોધતાં તેમણે દેશ આજે જે કોઈ સમસ્યાઓ અનુભવી રહ્યો છે તેનો માટે કોગ્રેસ સરકાર જવાબદાર છે તેવા ભાજપ દ્વારા કરવામાં આવતાં આક્ષેપોને તેમણે ફગાવ્યા હતા.પ્રિયંકાએ વિંધ્યવાસીની મંદિરમાં માતાજીને પુજા કરી હતી.અને વિઝિટર્સ બુકમાં જય માતાજી લખ્યું હતું. તેઓ કાલી ખોહ મંદિરમાં અનો અષ્ટપુજા મંદિરમાં દર્શન પુજા કરી હતી. પ્રિંયંકો કંતિત શરીફ મજાર પર માથું ટેકવ્યું હતું તેઓ ચુનાર દરગાહ પર જવાના હતા.તેમણે ગંગા યાત્રા દરમિયાન વિદ્યાર્થીનીઓ સાથે બોટ પે ચર્ચા કરી હતી.યુપીમાં પ્રયાગરાજ,વારાણસી સહિત ૬ સીટો પર કોગ્રેસની નજર છે.પ્રિયંકા હાલમાં યુપીમાં પ્રચાર માટે ત્રણ દિવસ ગંગાયાત્રા પર છે. તેમણે પ્રયાગરાજના સંગમથી યાત્રા શરુ કરી હતી જે વારાણસીમાં પુરી થશે. યુપીમાં ૧૧ એપ્રિલથી ૧૯ મે સુધી સાત તબક્કામાં મતદાન થવાનું છે.



સીતામઢી ખાતે પ્રિયંકાએ કહ્યુ હતું કે રાહુલ ગાંધીને સત્તાનો શોખ નથી. તેઓ લોકોનું ભલું ઈચ્છે છે.લોકશાહીમાં જનતાની તાકાત દર્શાવીને દેશ તેમજ બંધારણને બચાવવા ભાજપની વિરુધ્ધ મતદાન કરવા તેમણે અપીલ કરી હતી.તેમણે કહ્યુ કે મે અને મારા ભાઈએ ઘણી મુશ્કેલીઓ વેઠી છે.

# અમદાવાદની ૭૦૦૦ લાયસંસવાળી બંધુકો જમા કરાવવા સત્તાવાળાઓનો આદેશ

આગામી લોકસભાની ચુંટણીને લઈને અમદાવાદ કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડીને બંધુક સહિતના લાયસંસ હથિયારો જમા કરવવા માટે આદેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં કુલ ૭૦૯૭ જેટલી બંધુક સહિતના હથિયારોના લાયસંસ ઈસ્યુ થયેલા છે. જેથી તેમને કલેક્ટર તથા પોલીસ કમિશ્નર કચેરી દ્વારા નોટિસ મોકલી સપ્તાહમાં નજીકના પોલીસ સ્ટેશનમાં હથિયાર જમા કરાવવા આદેશ કર્યો છે.

જેના પગલે અત્યાર સુધીમાં બે હજાર કરતાં વધુ હથિયારો જમા થઈ ચુક્યા છે. અને સપ્તાહમાં બાકીના હથિયારો પણ જમા થઈ જશે તેમ સુત્રોએ જણાવ્યુ હતુ. આ કાર્યવાહી દરમિયાન ૧૧ જેટલા લોકોના હથિયાર જપ્ત કરવામાં આવ્યો છે. અને ૧૮૫ જેટલા હથિયારોના લાયસંસ કેન્સલ કરવામાં આવ્યા છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં બંધુકનું લાયસંસ ધરાવતા લોકોને જાહેરનામું બહાર પાડીને તેમા હથિયાર ચુંટણીના પગલે જમા કરાવી દેવા કલેકટરે તાકીદ કરી છે. કલેકટરના જાહેરનામાંનાપગલે લોકોએ પોતાના હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની કાર્યવાહી શરુ કરી છે. અને અત્યાર સુધીમાં ૨૦૩૭ લાયસંસ બંધુકો જે તે પોલીસ સ્ટેશનમાં જમા થઈ ચુકી છે.લાયસંસ ધારક બંધુક જમા કરાવે તો તેની પોલીસ સ્ટેશનમાં પહોચ પણ અપાય છે.જેના આધારે તેઓ ચુંટણી પછી તે પરત લઈ શકે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# ઉર્મિલા માંતોડકર,ફિલ્મી અભિનેત્રી કોગ્રેસમાં જોડાઇને ચુંટણી લડશે

હિન્દી ફિલ્મોની જાણીતી અભિનેત્રી ઉર્મિલા માંતોડકર કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કર્યા બાદ સત્તાવાર રીતે કોગ્રેસમાં જોડાઈ ગઈ છે.રાહુલ ગાંધીએ તેમનું પાર્ટીમાં સ્વાગત કર્યુ હતું.સ્વાગતની સાથે તેમને શુભકામનાઓ પણ આપી હતી. ઉર્મિલા નોર્થ મુબઈની બેઠક પરથી ચુંટણી લડી શકે છે. મીડીયા સાથેની વાતચીતમાં કોગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યુ કે અભિનેત્રી ઉર્મિલા કોગ્રેસની



વિચારધારાના પ્રચારમાં પ્રદાન કરશે.સાથે સાથે પાર્ટીની ભુમિકા મજબુત કરવા માટે પોતાનું યોગદાન આપશે.


ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# ગોવાના મુખ્યમંત્રી અને પુર્વ સંરક્ષણ મંત્રી મનોહર પારિકરનું ૬૩ વર્ષની વયે નિધન

ગોવાના મુખ્યમંત્રી અને પુર્વ સંરક્ષણ મંત્રી મનોહર પારિકરનું ૬૩ વર્ષની વયે કેન્સર સામે લડતાં લડતાં નિધન થયું હતું.તેઓ છેલ્લા એક વર્ષથી ગંભીર પેન્ક્રીયાસ કેન્સરથી પીડાતા હતા.ચાર વખત ગોવાના મુખ્યમંત્રી રહી ચુકેલા પારિકર કેન્સરની બિમારી સામે ઝઝુમી રહ્યા હોવા છતાં તેઓ મુખ્યમંત્રી તરીકેની પોતાની જવાબદારી પણ અદા કરતા રહ્યા હતા.નાકમાં ડ્રીપ લગાડેલી તેમની અનેક તસવીરો પણ સોશ્યલ મીડીયામાં દેખાતી રહી હતી.તેઓ ભણેલા તેમજ સાદગી યુક્ત જીવન જીવનારા નેતા હતા.અનેક હોસ્પીટલમાં તેમની સારવાર થઇ હોવા છતાં તેમની સ્થિતિમાં કોઇ સુધારો થયો નહોતો. તેમના પત્ની પણ કેન્સરની બિમારીથી તેમના પહેલા મૃત્યુ પામ્યા હતા.

# ગોવામાં ભાજપના નવા મુખ્યમંત્રી સાવંતે રાત્રે બે કલાકે ૧૧માં મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા

ગોવા વિધાનસભાના પુર્વ સ્પીકર અને નોર્થ ગોવાના સંખેલીમના ધારાસભ્ય પ્રમોદ સાવંતે સોમવારે મોડી રાત્રે એટલેકે રાત્રે ૨ કલાકે ગોવાના ૧૧માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.હવે તેમણે ફ્લોર પર તેમની બહુમતી સાબિત કરવાની છે.ગોવાના માજી મુખ્યમંત્રી મનોહર પારિકરનું રવિવારે કેન્સરના કારણે નિધન થયું હતું.કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી ગોવામાં હતી. પરંતુ આ રાજકીય કટોકટીને સિફતતાથી પલટાવી નાંખીને એકજ રાત્રીમાં મધ્યરાત્રીએ ભાજપે પોતાના મુખ્યમંત્રીને શપથ લેવડાવી લીધા હતા.

ગોવા વિધાનસભામાં ભાજપની બહુમતી નહોતી.ભુતકાળમાં પણ નહોતી અને આજે પણ નહોતી.પરંતુ સહયોગી પાર્ટીઓને એકત્રિત રાખીને શામ,દામ,દંડ ભેદની નીતિએ સત્તા હાંસલ કરી લીધી હતી.

પ્રમોદ સાવંતની સાથે મહારાષ્ટ્ર ગોમાંતકવાદી પાર્ટીના રામકૃષ્ણ ધાવલીકર અને ગોવા ફોરવર્ડ પાર્ટીના વિજય સરદેસાઇએ નાયબ મુખ્યમંત્રીપદના શપથ ગ્રહણ કર્યા હતા.પ્રમોદ સાવંતે મનોહર પારિકરની આખી કેબિનેટને યથાવત રાખી હતી.

# ફ્લેટની બારીમાંથી પક્ષીઓને દાણા નાંખવા પર પ્રતિબંધ લદાયો

કોઇ વ્યક્તિ તેના ઘરની બારી પર ઊભા રહીને પક્ષીઓને દાણા નાંખી શકસે નહીં. આમ કરવાથી કોઇપણ રેસિડેન્સિયલ સોસાયટીના અન્ય લોકોને દાણાથી ફેલાતા કચરાથી સમસ્યા થઇ શકે છે.સુપ્રીમ કોર્ટે એક કેસની સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે કોઇપણ ફ્લેટ માલિકે સોસા. અને આરડબલ્યુએના નિયમોનું પાલન કરવું પડશે.તમે જે સોસાયટીમાં રહો છે તો તમારે તેના નિયમોનું પાલન કરવું પડશે.જો કે જીવદયાને નામે કેટલાક લોકો અતિરેક કરતાં રહે છે.

# લોકસભાની ચુંટણી પહેલાં રાજકીય ફાયદો લેવા માટે વડાપ્રધાને કરેલી મિશન શક્તિની જાહેરાતથી મમતા બેનરજી નારાજ

તુણમુલ પક્ષના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ વડાપ્રધાન મોદી દ્વારા એન્ટી-સેટેલાઇટ મિસાઇલ ક્ષમતાના સફળ પ્રદર્શન અંગેની કરાયેલી જાહેરાત સામે નિશાન તાક્યું હતું.મમતા બેનરજીએ કહ્યુ હતું કે લોકસભાની ચુંટણી પહેલાં રાજકીય ફાયદો લેવા માટે કરાયેલી વધુ એક નૌટંકી છે. તેમણે કહ્યુ હતું કે ભારતના મિશન કાર્યક્રમ કેટલાય વર્ષોથી વિશ્વસ્તરીય છે.મને આપણા વૈજ્ઞાનિકો,ડીઆરડીઓ,અન્ય રીસર્ચ એન્ડ સ્પેશ ઓર્ગે. પર હંમેશા ગર્વ છે.રીસર્ચ, અંતરિક્ષ મિશન અને વિકાસ એક સતત પ્રક્રિયા છે. જે વર્ષોથી ચાલે છે અને હંમેશાની જેમ મોદી દરેક બાબતનો શ્રેય લેવા ઇચ્છે છે.આ સફળતા અને સિધ્ધિનો શ્રેય આપણા વૈજ્ઞાનિકો અને રિસર્ચ કરનારા વૈજ્ઞાનિકોને આપવો જોઇએ.કારણે સાચા હકદાર તેઓ છે.આ બાબતને આચારસંહિતાનો ભંગ ગણાવીને તેમણે કહ્યુ હતું કે પોતાની એક્સપાયરી ડેટ પુર્ણ થયા બાદ સરકારે આ મિશનની જાહેરાત કરી છે. તેવી કોઇ ઉતાવળ નહોતી.આ ભાજપનું ડુબતું જહાજ બચાવવા માટે ઓક્સિજન જેવું લાગી રહ્યું છે.મમતાએ જણાવ્યુ હતું કે આ મામલે ચુંટણી પંચને ફરિયાદ કરીશે.

# નોટબંધી એ પોલીસી લેવલે કરાયેલી ભુલ : કૌશિક બાસુ પુર્વ ચીફ ઇકોનોમિક એડવાઇઝર

આઇઆઇએમના પદવીદાન સમારોહમાં પુર્વ ચીફ ઇકોનોમીક એડવાઇઝર કૌશિક બાસુએ કહ્યુ હતું કે રાતોરાત નિર્ણયનો અમલ કરાવ્યો, સામાન્ય માણસનો વિચાર જ નહોતો કરાયો,નોટબંધી એ પોલીસી લેવલે કરાયેલી ભુલ છે.તેનાથી જીડીપી પણ ડાઉન, નિકાસમાં શુન્ય ટકાનો વિકાસ.નોટબંધીના કારણે દેશના વિકાસને ખરાબ અસર થઇ છે. પોલીસી બનાવતી વખતે ગરબડ થઇ હતી. પોલીસી ઘડનારાઓએ સામાન્ય માણસનો વિચાર જ નહોતો કર્યો કે નોટબંદીમાં સામાન્ય માણસ કેવો પ્રતિભાવ આપશે. તેમ આઇઆઇએમ અમદાવાદના ૫૪માં પદવીદાન સમારોહમાં કોર્નેલ યુનીવરસીટી ઇકોનોમિક્સના પ્રો કૌશિક બાસુએ નોટબંધીની આકરી ટીકા કરતાં કહ્યુ હતું. આઇઆઇએમના વિદ્યાર્થીઓને પ્રથમ વખત એમબીએની ડીપ્લોમાં નહીં, ડીગ્રીની પદવી મળી છે.

યુપીએ સરકારમાં દેશના ચીફ ઇકોનોમીક એડવાઇઝર રહી ચુકેલા પ્રો.બાસુએ પદવીદાન સમારોહમાં કેન્દ્ર સરકારના નિર્ણયોની આકરી ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે જો સારા પોલીસી મેકરોને મુકવામાં આવ્યા હોત તો નોટબંધીના અમલમાં સરળતા રહી હોત. નોટબંધીના કારણે સૌથી વધુ સહન કરવાનું સામાન્ય માણસોના ભાગે આવ્યું હતું. નોટબંધી સામે આ લોકો કેવો પ્રતિભાવ આપશે તેનો વિચાર કરાયો નહોતો.

તેમણે કહ્યુ હતું કે ખુબ દુઃખની વાત છે કે દેશમાં રોજગારીની સ્થિતિ ગંભીર છે. સેન્ટર ફોર મોનિટરીંગ ધ ઇન્ડીયન ઇકોનોમીએ બેરોજગારીનો દર ૭ ટકા કહ્યો છે. પરંતુ અઝિમ પ્રેમજી યુની.ના ડેટા પ્રમાણે બેરોજગારીનો દર ૧૬ ટકા છે. જો કે બેરોજગારી વૈશ્વિક પ્રોબ્લેમ હોવાનું તેમણે કહ્યુ હતું. ભારતની આજની તારીખે ખેતીપ્રધાન દેશ હોવા છતાં પણ સૌથી વધુ સહન કરવાનું આ ક્ષેત્રના ભાગે જ આવે છે. જાન્યુઆરી ૨૦૧૯માં ઇન્ડ્રસ્ટીયલ વિકાસના આંકડા આવ્યા તે ચિંતાજનક છે. માત્ર ૧.૭ ટકા જ વિકાસ થયો છે. ૨૦૧૭-૧૮માં મામુલી વધારો ગણો અને ૨૦૧૩-૧૪ની સાથે સરખામણી કરાય તો નિકાસ ક્ષેત્રે શુન્ય ટકા વિકાસ છે.છેલ્લા ચાર વર્ષમાં નિકાશ ક્ષેત્રે વિકાસ જ થયો નથી.

# અમેરિકા પહેલી એપ્રિલથી નવા એચ-૧બી વિઝાનો સ્વીકાર કરશે

યુએસ સીટીઝનશીપ એન્ડ ઇમીગ્રેશન સર્વીસીઝએ પહેલી એપ્રિલથી નાણાંકીય વર્ષ ૨૦૨૦ માટે એચ-૧બી વિઝા પીટીશન્સ સ્વીકારવાનું શરુ કરી દેશે. આ વિઝા માટે રોજગાર શરુ કરવાની તારીખ પહેલી ઓક્ટો. રહેશે.

જોકે અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ એચ-૧ માટે નિયમિત વિઝાની મર્યાદા પણ ૬૫૦૦૦ની સ્થિર રહેશે.આ ઉપરાંત યુએસ યુની.માંથી ઉચ્ચ ડીગ્રી અથવા માસ્ટર્સ મેળવનાર અન્ય ૨૦,૦૦૦ પીટીશનર્સને પણ વિઝા મળશે.પરંતુ ઘણા વકીલોનું કહેવું છે કે આ વર્ષ અસાધારણ બની શકે છે મોટભાગે એટલેકે આ વર્ષના પ્રારંભમાં જ અનેક નિયમો બદલાયા હતા. યુએસસીઆઇએસે જાન્યુ.માં ઓર્ડરમાં ફેરફાર કર્યો હતો.જે મુજબ હવે ફાળવણીની ગણતરી કરશે.

હવે તમામ પીટીશનોને નિયમિત મર્યાદામાં જ ગણાશે. જેમાં એડવાન્સ્ડ ડીગ્રીનો પણ સમાવેશ થાય છે.બીજા રાઉન્ડમાં તે બાકીની પીટીસન્શની પસંદગી કરશે. યુએસસીઆઇએસના જણાવ્યા મુજબ નવો ફેરફાર ૧૬ ટકા વધારો કરશે.જેને કારણે એડવાન્સ યુએસ ડીગ્રી સાથે પસંદગી પામેલ એચ-૧બી પીટીશનરોમાં ૫૩૪૦ કામદારોનો વધારો થશે. કેટલાક વકીલોનું કહેવું છે કે એચ-૧બી પર અમેરિકાના અંકુશને કારણે ઇમીગ્રેશન પર એકંદરે નકારાત્મક સેન્ટીમેન્ટ દેખાશે અન તેની અસર ફાઇલીંગ્સ પર દેખાશે.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




## જાણવા જેવું

લાઇફ મેગેઝીનના કવર પર સૌથી વધુ વાર ચમકનાર એલીઝાબેથ ટેલર એકમાત્ર હસ્તી છે.

વિશ્વનું સૌથી મોટું સ્ટેડીયમ એસ્ટ્રાહીવ સ્ટેડીયમ છે. તે પ્રાગમાં આવેલું છે.

તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.

લાયરબર્ડ નામનું પક્ષી સાંભળેલા અવાજની નકલ કરી શકે છે.

તીતીઘોડો પોતાની પાંખોને પાછળના પગ સાથે ઘસી ખાસ પ્રકારનો અવાજ કરે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# માનવીના કાર્યો તેનો સંદેશો પહોંચાડે છે.

આખું જગત સંદેશ આધારિત ચાલે છે. સંદેશના પાયામાં ભાષા રહેલી છે.જો કે ભાષા સિવાય પણ સંદેશ મોકલી શકાય છે.એનુ ક્ષેત્ર સાંકડુ છે.આપણે સામસામે બેઠા હોઇએ તો નિર્દેશ કરીને કોઇ વસ્તુ મંગાવી શકીએ છીએ. પણ ઇશારાઓની મર્યાદા હોય છે.હું ઇશારાથી પાણી મંગાવી શકું છું.પણ મારી ઓફિસમાંથી કંઇ મંગાવવુ હોય તો મારે ભાષાની જરુર પડે છે. સંદેશાની રીતે જોઇએ તો એક માણસને મનમાં કંઇક વિચાર આવ્યો, તે બીજાની આગળ વ્યક્ત કરે, અને એ પ્રમાણે સામેની વ્યક્તિ એ કામ કરે, તેથી એમ કહેવાય કે સંદેશનું માધ્યમ ભાષા છે.જો માનવજાત પાસેથી ભાષા લુપ્ત થઇ જાય તો સઘળો વ્યવહાર અટકી પડે.કોઇ માણસ પોતાની ઓફિસમાંથી બેસીને વહીવટ ચલાવી ન શકે. ખેડુત ખેતી ના કરી શકે.મજૂર મેહનતમાંથી બાકાત થઇ જાય.એક ગામથી બીજે, એક પ્રદેશથી બીજા કે વિશ્વના કોઇ ખુણે સંદેશ મોકલવો હોય તો ભાષાની જરૂરીયાત પડે જ.આ વાત થઇ સંદેશ માટે ભાષાની.પણ સંદેશ એટલે શું? એ તો પ્રશ્ન ઉભો જ રહ્યો છે. ધારો કે મારે કોઇ કામ હોય અને તમને બોલાવવા હોય,તો માણસ મોકલુ તે મારો સંદેશ તમને કહી સંભળાવે અને તમે તે પ્રમાણે અમલ કરો.તમે દેશાવર હોવ તો હુ તમને પત્ર દ્વારા સંદેશો પાઠવુ અથવા ફોનથી સમાચાર આપું. હવે તો સંદેશ માટેના સાધનો વ્યવસ્થા એટલાં તો વધી ગયાં છે કે તમે દુનિયાના કોઇપણ ખુણે કોવ તો પણ બીજી મિનિટે સંદેશ પહોચીં જાય. આજે તો દુનિયા ઘણી નાની બની ગઇ છે.અને સંદેશાનો વ્યવહાર સરળ.

સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.આજે આપણે ટી.વીની સ્વિચ પાડીએ અને દુનિયાના બધા જ સંદેશ સંકડમાં મળી જાય. સવારે છાપામાં જગતની નવાજુનીનો સંદેશ આપણને મળી જાય. એ બધા જ સમાચાર છે. પણ ગાંધીજીએ કહ્યુ છે કે 'મારુ જીવન મારો સંદેશ છે 'આ બાબત એક નવુંજ દ્વાર ખોલી આપે છે. આપણે દર્પણની સામે ઉભા રહીએ તો આપણે કેવા છીએ એનો સંદેશ તે આપણને આપી દે છે. એ રીતે માણસના કાર્યો એનો સંદેશો પહોચાડે છે.જે ઉપદેશકો કે કથાકારો શબ્દોથી સંદેશ પહોચાડી શકતા નથી તે આચરણથી તરત જ પહોચી જાય છે.દીન દુખીયાની સેવા કરવી,કચડાયેલી પ્રજાને દુનીયાના ચોકમાં ઉભી રાખવા માટે જાગૃત કરવી અને સમાજના દુષણોને દુર કરીને સન્માર્ગ બતાવવા માટે જે ભેખ ધરીને ચાલે છે એને શબ્દોથી સંદેશ આપવાની જરુર નથી.એ તો ખભે ખલીતો કરીને નીકળી પડે છે, તો ધીમે ધીમે પ્રજા એની પાછળ ઘસડાય છે,એ જ એમનો સંદેશ અને એજ એમનુ જીવન છે. આપણે આ વિશ્વમાં આપણી આંખ અને કાન ખુલ્લા રાખીએ તો દરેક વસ્તુમાંથી આપણને જીવનનો સંદેશ મળી રહે છે.કીડીઓનુ નિરિક્ષણ કરો તો એમની પાસેથી કેવો મહાન સંદેશો મળી રહે છે. કીડીઓ પાસેથી મહેનતનો મંત્ર મળે છે.વૃક્ષો પાસેથી પરોપકારનો સંદેશો મળે છે.સાગર પાસેથી ઉંડાણ અને આનંદનો સંદેશ પમાય છે. સુર્ય-ચંદ્ર આપણને સમયનો તકાજો સમજાવે છે.આ ધરતી એ સહનશીલતાનો સંદેશો આપે છે.માર્શલ મેકલુહેને તો 'માધ્યમ એ જ સંદેશ છે 'એવી વાત કરી છે.પવન, આપણને શાનો સંદેશો આપે છે.?આ બધાજ માધ્યમ છે.માધ્યમથી જ સંદેશો મેળવી શકાય છે.ટપાલમાં જે સંદેશો આવતો,એના માટે લોકો દિવસોના દિવસો સુધી ઝુર્યા કરતા.

સમયે સમયે સંદેશાના માધ્યમ પણ બદલાતાં રહ્યાં છે.જુના સમયમાં એક રાજા બીજા રાજને પોતાનો સંદેશો કાપડમાં લખીને સૈનિક દ્વારા મોકલતો, ભરી સભામાં તે વાંચવામાં આવે,પછી એનો પ્રત્યુત્તર આપવામાં આવતો.ઘણા કબુતરોને માધ્યમ બનાવીને પોતાના સંદેશાઓની આપ લે કરાવતાં. ટપાલ તો ઘણી મોડી આવી. પણ આજેય ટપાલ દ્વારા સંદેશની આપ-લે થાય છે.ઝડપી સંદેશા તાર દ્વારા મોકલાતા. અત્યારે તો સંદેશના માધ્યમોએ દુનિયાને મુઠ્ઠીમાં કરી લીધી છે.સંદેશા દ્વારા સામેની હકીકત જાણી શકાય છે.સંદેશાથી માણસના મનની દશાનો ખ્યાલ આવે છે.સંદેશો જ સાચી પરિસ્થિતિનો તાગ મેળવવામાં કામ લાગે છે.સવારે સમાચાર પત્ર આપણને આખા વિશ્વની નવાજુનીઓ સંદેશ આપી દે છે. ક્યાં શુ થાય છે અને કેવી પરિસ્થિતિ છે, તે સંદેશા દ્વારા જાણી શકાય છે. ક્યાંક આગ લાગે તો તરત ફાયરબ્રિગેડને સંદેશ પહોચાડાય છે. તેથી તે દોડી આવે છે. આ બધી સંદેશા વ્યવહારની સામાન્ય વાત થઇ.

એ સિવાય પણ સંદેશો આપી શકાય છે. જે ઘણાના જીવનને સીધો સ્પર્શે છે. કોઇ મહાન માણસને પુછવામાં આવે છે કે પ્રજા માટે તમારો સંદેશ શું છે ?અહીં સંદેશનો આખો અર્થ ફરી જાય છે.ધર્માચાર્યો જે સંદેશ આપે છે, એ માણસને જીવનની દિશા સુચવે છે. કોઇને ઉત્તમ પુસ્તક લખ્યુ હોય, એનો સંદેશ કંઇ જુદા જ પ્રકારનો પ્રભાવ પાડતો હોય છે.તો ક્યારેક માણસને આત્માનો અવાજ સંદેશો આપતો હોય છે.જોન વ્હાઇટહેડે કહ્યુ છે 'બાળકો એક જીવંત સંદેશ છે જે આપણે એવા એક સમયમાં મોકલીએ છીએ કે જે આપણે કદી જોઇ નહીં શકીએ 'આપણે જાણીએ છીએ કે બાળક તો પ્રભુનો પયગંબર છે.જયાં સુધી બાળકો આ ધરતી પર આવતાં રહેશે ત્યાં સુધી સ્વર્ગ અહીં જ છે. કેટલાંક અજ્ઞાત સંદેશ મળતા હોય છે. આ અનંતની પાર પ્રાણવાહક સુના સંદેશ લઇ જવા માટે મહાદેવી વર્માએ કહ્યુ છે આ જગતમાં દરેક જીવ કંઇ ને કંઇ પ્રાપ્ત કરવા માટે કોઇને કોઇ સંદેશ મેળવવા માટે, મથામણ કરતો જ હોય છે. પરમાત્માએ તો આપણને ચોમેરથી સંદેશાનો વરસાદ વરસાવ્યો છે. પણ એને ઝીલનાર કોણ ?ઇટાલીયન અભિનેત્રી એલેનોરા દુસે (૧૮૫૮-૧૯૨૪)કહ્યુ છે 'જો ભુરા આકાશને જોઇને તમારુ ચિત્ત પ્રસન્ન થઇ જતુ હોય, જો પ્રકૃત્તિ દ્વારા પાઠવવામાં આવતા સરળ સંદેશાઓ તમે સમજી શકો તો તમારો આત્મા હજી જીવિત છે 'જે પ્રકૃત્તિને માણી શકતા નથી એ જીવે કે મરે તેથી કોઇ જ ફરક પડતો નથી.પ્રકૃત્તિ સાચા જીવનનો સંદેશ આપે છે.એ સંદેશને પચાવવાની ક્ષમતા આપણે ગુમાવી બેઠા છીએ.

ઇશ્વર આપણી સાથે સતત વાત કરતો રહે છે. સારી કે ખરાબ ઘટનાઓ પણ એનો જ સંદેશ હોય છે. એ સંદેશને આપણે વાંચી શકીએ તો એનું આંતરસત્વ પામી શકાય છે. મેલકમ મગરીજી કહ્યુ છે ' દરેક નાની કે મોટી ઘટના એક ઉદાહરણ કથા છે.જેના દ્વારા ઇશ્વર આપણી સાથે વાત કરે છે.અને જીવને આપણે એ સંદેશને પ્રાપ્ત કરવાનો છે.આપણે ભલે માનતા હોઇએ કે કોઇ અનિષ્ટ ઘટના ઘટી છે,પણ એય એનો સંદેશ હોય છે. એની લીપીને આપણે ઉકેલવાની રહે છે.'આપણે કોઇ ધાર્મક ગ્રંથ વાંચતા હોય, તો આપણને એમાંથી સંદેશો મળતો હોય છે.ડો.સ્યુસે કહ્યુ છે ' ધર્મગુરુઓએ વાત કરી કે આ ધાર્મિક ગ્રંથમાં કેટલો સારો સંદેશો છે !તમે કંઇ પણ કરો,કોઇ ને કોઇ હંમેશાં તમારા ગ્રંથમાના ગર્ભિત અર્થો વધારશે 'આપણે જાણીએ છીએ કે, હોઠ દ્વારા જ આપેલો સંદેશો કાનને સ્પર્શીને જતો રહે છે.પણ હ્રદયનો સંદેશ હ્રદય સુધી પહોચે છે.બીલ ગોથાર્ડે કહ્યુ છે કે ' મગજમાં તૈયાર થયેલો સંદેશો બીજા મગજ સુધી પહોચે છે.જ્યારે જીવન દ્વારા પ્રસારિત સંદેશ અન્ય જીંદગીને પ્રભાવિત કર છે

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# ભાજપના એક વધુ સાંસદે ચોકીદાર ન કહેવાનો આગ્રહ રાખી પક્ષમાંથી રાજીનામું આપ્યું

લોકસભા ચુંટણીના મતદાનની તારીખો જેમ જેમ નજદીક આવતી જાય છે તેમતેમ કેટલાક પોતાનો પક્ષ બદલી રહ્યા છે તો કેટલાક જંગને રસપ્રદ બનાવવાની તરકીબો યોજી રહ્યા છે.નેતાઓ એકબીજાની ઉતારી પાડવા કે ટાંટિયા ખેચવાની રમતમાં રસાકસી ભરી ચુંટણી બનાવી રહ્યા છે.અગાઉ જે લોકો જીત્યા હતા તેમને ટિકિટ ન મળતાં તેઓ ભારે નારાજ છે અને પાર્ટી વિરુધ્ધ અનેક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.મીડીયામાં પોતાને મહત્વ મળે માટે તેઓ યેનકેન પ્રકારના પ્રયત્નો આદરી રહ્યા છે.મીડીયામાં આ પ્રકારની ચહલપહલ અને નારેબાજીને મહત્વ મળી રહ્યું છે અને પેઇડ સમાચારોનું મહત્વ એકદમ વધી ગયું છે.કેટલાક નેતાઓ પોતાને ટિકિટ નથી મળી તેઓ પોતાની નારાજગી તેમના ઉચ્ચ નેતાઓને મળી રહે માટે અવનવા તરીકાઓ અજમાવી રહ્યા છે. તાજેતરમાં એક સમાચાર મુજબ એક કોગ્રેસી નેતાને ટીકીટ મળી નહી તો તેમણે પક્ષની મીટીંગ માટે પોતાના તરફથી મુકવામાં આવેલી ખુરશીઓ પાછી ખેચી લેતા મીટીંગ રદ કરવી પડી તેવી નોબત આવી.ટીકીટ નહીં તો મારી ખુરશી પણ નહીં.

હરદોઇથી ભાજપ સાંસદ અંશુલ વર્માને ટીકીટ નહીં મળતાં તેઓ નારાજ થયા અને ભાજપ છોડીને હવે અન્ય પક્ષમાં સામેલ થઇ ગયા.સૌથી રસપ્રદ બાબત તો એ બની કે તેમને ભાજપ તરફથી ટીકીટ નહીં મળતાં આ સાંસદે તેમનું રાજીનામું લખનો સ્થિત ભાજપના કાર્યાલયની બહાર બેસતા ચોકીદારને પકડાવી દીધું.આમ કરીને પાર્ટી સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે.તેમણે રાજીનામું આપતાં પહેલા કહ્યુ હતું કે જો વિકાસ જ માપદંડ હોય તો મે કામ કર્યુ છે. મારો દોષ બતાવવો જોઇએ.આજે કોઇપણ પાર્ટીના જવાબદાર નેતા મળવા તૈયાર નથી. મારો ગુને એટલો છે કે મે મારા સમાજ માટે અવાજ ઉઠાવ્યો છે.ભાજપ કાર્યાલયના ચોકીદારને પોતાનું રાજીનામું સોપવાના સવાલ અંગે તેમણે કહ્યુ હતું કે આજકાલ તો સૌથી જવાબદાર તો ચોકીદાર જ છે તો મે વિચાર્યુ કે તેનેજ મારુ રાજીનામુ આપવું. ધનકુબેર ચોકીદારને રાજીનામું આપવાનો કોઇ અર્થ નહોતો. ભાજપે તેના બે સીનીયર મોસ્ટ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને ટિકિટ આપી નથી. તેમની પાસે એવું કહેવડાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે આ વખતે અમે ચુંટણી લડવાના નથી.જો કે મુરલી મનોહર જોશી આ રીતને એકસપોઝ કરી નાંખી હતી. તેમણે તેમના મતક્ષેત્રમાં આ બાબતની જાણકારી આપી દીધી. સુષમા સ્વરાજે પોતાની તબિયતને અનુકુળ નથી કહીને સંન્યાસ સ્વીકારી લીધો છે.હવે માત્ર બેજ નેતાઓની ઉપર પક્ષ આધારીત છે બાકી બધા ચુંટાશે તે ચેલાઓએ ગુરુના આદેશો સ્વીકારવાના જ રહેશે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.